JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ ચૌદસ શુક્રવાર ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# CEC 48 કલાકમાં પદ છોડે; 'જંતર મંતર 2.0'ની CJPની ચીમકી

**'ઈલેક્શન** કમિશન ઠીક કરો' અભિયાન શરૂ: મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની ઉગ્ર માંગ

**ચૂંટણી** પ્રક્રિયા ગરબડયુક્ત બનાવી દેવાઇ હોવાનો આક્ષેપ કરી જ્ઞાનેશ કુમાર ૪૮ કલાકમાં રાજીનામુ આપે તેવી માગ કરી

**13 કરોડ** મતદારોના નામ હટાવવાના આક્ષેપ સાથે 'કોકરોચ જનતા પાર્ટી'નો હંગામો; દેશવ્યાપી આંદોલનની આપી ધમકી

**ગરબડની** શંકા હોય તો ચૂંટણી નહીં લડવા રાજકીય પક્ષોને અપીલ



નવી દિલ્હી, 24 સપ્ટેમ્બર (PTI): 'કોકરોચ જનતા પાર્ટી'એ ગુરુવારે મતદારોના અધિકારોને 'કમજોર' કરવા બદલ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે અને ચેતવણી આપી છે કે જો તેઓ 48 કલાકની અંદર પદ પરથી નહીં હટે, તો દેશવ્યાપી આંદોલન કરવામાં આવશે, જેમાં "જંતર મંતર 2.0" પણ સામેલ હશે.

યુવાઓના આ સંગઠને 'ઈલેક્શન કમિશન ઠીક કરો' નામના અભિયાનની શરૂઆત કરતા જણાવ્યું હતું કે, આ ઝુંબેશમાં SIR પ્રક્રિયા દરમિયાન ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડ્રાફ્ટ મતરદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ નામો બાકાત કરી દેવાયા તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અહીં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં બોલતા, CJP ના સ્થાપક અભિજીત દીપકેએ, સહ-સંયોજક સૌરવ દાસ અને પ્રવક્તા આશુતોષ રાંકાની ઉપસ્થિતિમાં એવો આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં ગરબડ કરવામાં આવી છે અને નાગરિકો પાસેથી મતદાન કરવાનો અધિકાર છીનવાઈ રહ્યો છે. દીપકેએ જણાવ્યું હતું કે, "જો જ્ઞાનેશ કુમાર 48 કલાકની અંદર રાજીનામું નહીં આપે, તો અમે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરવા માટે આવતા પહેલા દેશવ્યાપી વિરોધ શરૂ કરીશું." તેમણે ઉમેર્યું હતું કે જો CEC રાજીનામું નહીં આપે, તો "જંતર મંતર 2.0 ચોક્કસપણે થશે." તેમણે એમ પણ કહ્યું કે વિપક્ષી પક્ષોએ ચૂંટણીમાં ભાગ ન લેવો જોઈએ જો તેઓ એવું માનતા હોય કે તેમાં ગરબડો થઈ રહી છે. તેમણે કહ્યું કે, "જો તમે જાણતા હોવ કે ચૂંટણીમાં ગોબાચારી થઈ રહી છે, તો તમે તેમાં ભાગ લઈ શકો નહીં. તમારે કોઈ પક્ષ લેવો જ પડશે."

દીપકેએ આક્ષેપ કર્યો હતો કે કુમાર "ભારતીય લોકશાહી માટે સૌથી મોટો ખતરો" છે અને ચૂંટણી પંચ(EC) પર કોને મત આપવા દેવા અને કોને નહીં તે નક્કી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે સવાલ કર્યો કે, "જ્ઞાનેશ કોણ છે જે આપણો

...અનુસંધાન પાના 15 પર

# વીમા વિતરણના ક્ષેત્રે તળિયાઝાટક ફેરફારો સૂચવતો IRDAIનો પ્રસ્તાવ

**હેલ્થ,** ટર્મ અને મોટર વીમામાં કમિશન ઘટાડવાનો પણ પ્રસ્તાવ ઈન્સ્યોરન્સ કંપનીઓના ખર્ચમાં ઘટાડો અને કમિશન પર મર્યાદા સહિતના ફેરફારનું સૂચન

મુંબઈ, 24: ભારતીય વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણ(IRDAI)એ વીમા વિતરણના નિયમોમાં મોટા પાયે ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આનો મુખ્ય હેતુ વીમો ખરીદવાની અને તેની સેવાઓ મેળવવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, સ્પર્ધાત્મક અને ગ્રાહક-સાનુકૂળ બનાવવાનો છે.

નિયામકે બુધવારે "રિકેલિબ્રેટિંગ ઈકોનોમિક્સ ઓફ ઈન્સ્યોરન્સ ડિસ્ટ્રિબ્યુશન" શીર્ષક હેઠળ એક સાર્વજનિક સલાહ-સૂચન પત્ર જાહેર કર્યો હતો. આમાં વીમા વિતરણનું માળખું, ખર્ચ, કમિશન, બજારનું વર્તન, પારદર્શિતા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. IRDAIએ જણાવ્યું છે કે પ્રસ્તાવિત સુધારાઓનો હેતુ "ગ્રાહક-કેન્દ્રિત, સ્પર્ધાત્મક, કાર્યક્ષમ અને પારદર્શક વિતરણ વ્યવસ્થા" ઊભી કરવાનો છે.

IRDAIના વીમા ક્ષેત્રમાં ઘણા ફેરફારોનો પ્રસ્તાવથી ગ્રાહકો સરળતાથી પોલિસી માહિતી મેળવી શકશે. તેણે કંપનીઓના ખર્ચ અને કમિશન પર મર્યાદા નક્કી કરવાનો અને હેલ્થ, ટર્મ અને મોટર વીમામાં કમિશન ઘટાડવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. ગ્રાહકો પોતાનો મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામું આપ્યા વિના પોલિસી પ્રીમિયમ, સુવિધાઓ અને અન્ય માહિતી જોઈ શકશે. તે એવી વેબસાઈટ્સ પર "ડાર્ક પેટર્ન" પર પ્રતિબંધ મૂકવાનો પણ પ્રસ્તાવ મૂકે છે જે ગ્રાહકો પાસેથી બળજબરીથી વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે.

### કંપનીઓના ખર્ચ પર મર્યાદા લાદવામાં આવશે

IRDAI એ વીમા કંપનીઓના મેનેજમેન્ટ ખર્ચ (EoM) ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જીવન વીમા કંપનીઓને બે વર્ષમાં તેમના EoM ને પ્રીમિયમના 15% અને પાંચ વર્ષમાં 12.5% સુધી ઘટાડવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. સામાન્ય વીમા કંપનીઓ માટે, આ મર્યાદા બે વર્ષમાં 25% અને પાંચ વર્ષમાં 20% કરવાનો પ્રસ્તાવ છે. આનો અર્થ એ છે કે કંપનીઓએ તેમના સંચાલન અને વિતરણ ખર્ચને વધુ નિયંત્રિત કરવા પડશે. કમિશન અને અન્ય વેચાણ ખર્ચ પણ આ દાયરામાં આવે છે.

### કમિશન ઘટાડવાનો પ્રસ્તાવ

IRDAI એ વિવિધ વીમા ઉત્પાદનો માટે કમિશન મર્યાદા નક્કી કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આરોગ્ય વીમામાં, નવી પોલિસીઓ અને નવીકરણ પર કમિશન ઘટાડવામાં આવશે. દરખાસ્ત મુજબ, કેટલીક વિતરણ ચેનલો માટે, આ કમિશન નવી પોલિસીઓ પર 15% અને નવીકરણ પર 5% હોઈ શકે છે. ટર્મ વીમા અને મોટર થર્ડ-પાર્ટી વીમા માટે પણ કમિશન મર્યાદિત કરવાનો પ્રસ્તાવ છે. મોટર (થર્ડ-પાર્ટી) વીમા કમિશન પણ 15% થી ઘટાડવામાં આવશે, અને વપરાયેલા વાહનો માટે, તે 2.5% સુધી મર્યાદિત કરવામાં આવશે.

તમે તમારો ફોન નંબર આપ્યા વિના પણ પોલિસીની માહિતી જોઈ શકો છો. વીમા વેબસાઈટ્સ પર એક મોટો ફેરફાર ગ્રાહકો માટે મહત્વપૂર્ણ હોઈ શકે છે. દરખાસ્ત મુજબ, જો કોઈ ફક્ત પોલિસીના પ્રીમિયમ અથવા સુવિધાઓની સમીક્ષા કરવા માંગે છે, તો તેણે પહેલા પોતાનું નામ, મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામું આપવાની જરૂર નથી. ગ્રાહકો કોઈપણ વ્યક્તિગત માહિતી શેર કર્યા વિના પોલિસીની કિંમત, સુવિધાઓ, પ્રદર્શન અને અન્ય મહત્વપૂર્ણ માહિતી જોઈ શકશે.

### વેબસાઈટ 'ડાર્ક પેટર્ન્સ' પર કાબુ મેળવવો

વેબસાઈટ્સ પર માહિતી મેળવતા પહેલા ગ્રાહકોને ઘણીવાર તેમનો મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામું દાખલ કરવાનું કહેવામાં આવે છે. IRDAI એ આ પ્રથાને ડાર્ક પેટર્ન તરીકે ઓળખી છે. દરખાસ્તમાં આવી પ્રથાઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. વધુમાં, વીમા કંપનીઓને સરળ ભાષામાં અને નિર્ધારિત ફોર્મેટમાં ઉત્પાદન માહિતી પ્રદાન કરવાનો પ્રસ્તાવ છે. ગ્રાહકોને વારંવાર પૂછાતા પ્રશ્નો, પ્રીમિયમ, મુખ્ય પોલિસી શરતો અને અન્ય મહત્વપૂર્ણ માહિતીની સરળ ઍક્સેસ હશે.

### દાવા અને ફરિયાદની માહિતી સરળ બનશે

ગ્રાહકો માત્ર પોલિસી કિંમતો જ જોઈ શકશે નહીં, પરંતુ તેઓ વીમા કંપનીના દાવાની પતાવટ રેકોર્ડ અને ફરિયાદોને કેવી રીતે હેન્ડલ કરવામાં આવે છે તે પણ જોઈ શકશે. IRDAI એ આ માહિતીને સરળ અને તુલનાત્મક રીતે ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આનાથી ગ્રાહકો વિવિધ કંપનીઓ અને પોલિસીઓ વિશેની માહિતી એક જ જગ્યાએ જોઈને જાણકાર નિર્ણયો લઈ શકશે. જો કે, આ સમગ્ર ફેરફાર હાલમાં દરખાસ્તના તબક્કામાં છે. નિયમો જારી થયા પછી જ સ્પષ્ટ થશે કે કઈ જોગવાઈઓ કયા સ્વરૂપમાં લાગુ કરવામાં આવશે.

## દિલ્હી ડાયરી



### ચૂંટણી પંચમાં મતભેદોનો ઇતિહાસ

મતદારયાદીમાં ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સંદર્ભે ચૂંટણી કમિશનરો વચ્ચેના ભારતના ચૂંટણી પંચના સભ્યો વચ્ચેના ભૂતકાળના મતભેદોને ફરી સપાટી પર લાવી દીધા છે, જે અગાઉ પણ જાહેરમાં સામે આવ્યા હતા.૨૦૦૯માં તત્કાલીન મુખ્ય ચૂંટણી કમિશનર એન. ગોપાલસ્વામીએ પક્ષપાતી આચરણના આક્ષેપ હેઠળ પોતાના સાથી કમિશનર સ્વ. નવીન ચાવલાને હટાવવાની ભલામણ કરી હતી. સરકારે આ ભલામણ ફગાવી દીધી હતી અને બાદમાં ચાવલા મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા હતા. આ પહેલાં તેનાથી પણ વધુ તીવ્ર સંઘર્ષ જોવા મળ્યો હતો. ૧૯૯૨ અને ૧૯૯૩ વચ્ચે તત્કાલીન મુખ્ય ચૂંટણી કમિશનર સ્વ. ટી. એન. શેષને બહુ-સભ્ય પંચની રચનાને કોર્ટમાં પડકારી હતી. આ બાબત સાથી ચૂંટણી કમિશનરો એમ. એસ. ગિલ અને જી.વી.જી. કૃષ્ણમૂર્તિ સાથેના કાનૂની જંગમાં પરિણમી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેનો તેમનો કાર્યકાળ પૂરો થયા પછી ગિલ કોંગ્રેસમાં જોડાયા હતા અને તેમને કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી બનાવવામાં આવ્યા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન, તત્કાલીન

...અનુસંધાન પાના 15 પર

### ચૂંટણી પંચના સોફ્ટવેર સેન્ટ્રલાઈઝેશનનો ફિયાસ્કો

# ગોવાના 97 પાત્ર મતદારો યાદીમાંથી બહાર

**ECINetમાં** રોલબેક ફીચર ન હોવાથી સ્થાનિક અધિકારીઓ લાચાર; 2 ચૂંટણી કમિશનરોની ચેતવણી સાચી પડી

નવી દિલ્હી, ગોવા, તા. ૨૪: મતદાર યાદીમાં નામો ઉમેરવા, બાકાત કરવા માટેની પ્રક્રિયાનું કેન્દ્રીયકરણ કરવા સામે બે ચૂંટણી કમિશનરોએ કરેલો વિરોધ ગોવાના એક કિસ્સામાં સાચો સાબિત થઇ રહ્યો છે. અહીંના ૯૭ મતદારોના નામ શરૂઆતમાં ગેરલાયક ગણાવીને કાઢી નાખવામાં આવ્યા હતા, બાદમાં આ મતદારો પાત્રતા ધરાવતા હોવાનું જણાયા છતાં તેમના નામો સોફ્ટવેરના સેન્ટ્રલાઈઝેશનના કારણે સ્થાનિક અધિકારીઓ હજી સુધી મતદાર યાદીમાં ફરીથી ઉમેરી શક્યા નથી.

ગોવાના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવાના ચાર દિવસ પહેલા, 17 ફેબ્રુઆરીએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) એ દિલ્હીસ્થિત ચૂંટણી પંચ(ECI) ને ઈમેઈલ કર્યો હતો. સાત દિવસમાં તેમનો આ આઠમો મેઈલ હતો. આ પત્ર સાથે 97 મતદારોની યાદી જોડવામાં આવી હતી, જેમને સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી પ્રક્રિયા હેઠળ ગોવાના પોતાના ચૂંટણી નોંધણી અધિકારીઓ (EROs) દ્વારા સાંભળવામાં આવ્યા હતા, તેમની તપાસ કરવામાં આવી હતી અને તેઓ પાત્ર જણાયા હતા.



ઈમેલમાં જણાવવામાં આવ્યું હતું કે, તેમને યાદીમાંથી દૂર કરવાનો અગાઉનો નિર્ણય રદ કરવો પડશે." પરંતુ EROs સોફ્ટવેર (ECINet) દ્વારા તે નિર્ણયોને બદલી શક્યા નહીં. કારણ કે: તેમ કરવાની પરવાનગી દિલ્હીથી નિયંત્રિત થતી હતી. ચૂંટણી પંચે જણાવ્યું છે કે ECINet સિસ્ટમમાં એવી કોઈ રોલબેક જોગવાઈ નથી કે જેનાથી ચૂંટણી નોંધણી અધિકારીઓ એકવાર મતદારનું નામ કાઢી નાખવા માટે ફોર્મ 7 પર ક્લિક કર્યા પછી તે રદ્દીકરણને પાછું ખેંચી શકે. ગોવા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન શરૂઆતમાં "તાર્કિક વિસંગતતાઓ" માટે ચિહ્નિત કરાયેલા 97 મતદારોને અંતિમ મતદાર યાદીમાં સમાવેશ માટે પાત્ર ગણવામાં આવ્યા પછી પણ આ સુવિધા ચાલુ કરવા માટે વારંવાર વિનંતીઓ કરવામાં આવી હતી, જેના પર પ્રશ્નો ઊભા થયા બાદ આ સ્પષ્ટતા આવી છે.

ઉલ્લેખનીય છે કે બે ચૂંટણી કમિશનરો સંધુ અને જોશીએ મતદારયાદીઓ માટેના સોફ્ટવેરનું કેન્દ્રીયકરણ કરવા સામે અને રાજ્યોના અધિકારીઓને આ પ્રક્રિયામાથી કાઢી નાખવા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો.

# એનાલોગ પનીરના ઉત્પાદન, વેચાણ પર પ્રતિબંધનો FSSAIનો પ્રસ્તાવ

**આરોગ્ય** મંત્રાલયના જણાવ્યા મુજબ દૂધ સિવાયની વસ્તુઓમાંથી બનાવેલ પ્રોડક્ટ માટે પનીર શબ્દ વાપરવા પર પ્રતિબંધનો પ્રસ્તાવ છે

નવી દિલ્હી, તા. ૨૪(PTI): ખાદ્ય નિયામક FSSAIએ 'પનીર તરીકે એનાલોગ પ્રોડક્ટ'ના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે, કારણ કે તે મિલાવટ અને ગેરમાર્ગે દોરતા દાવાઓ સામે ઝુંબેશ ઝડપી બનાવી રહ્યું છે.

એનાલોગ પનીર એ ડેરી પ્રોડક્ટ નથી અને તે દૂધમાંથી મેળવેલ ન હોય તેવા ઘટકોમાંથી બનાવવામાં આવે છે. FSSAIએ ડ્રાફ્ટ 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ (પ્રોહિબિશન એન્ડ રિસ્ટ્રિક્શન્સ ઓન સેલ્સ) એમેન્ડમેન્ટ રેગ્યુલેશન્સ, ૨૦૨૬' બહાર પાડ્યું છે. તેણે ડ્રાફ્ટ નિયમો પર વાંધા કે સૂચનો માટે હિતધારકોને ૬૦ દિવસનો સમય આપ્યો છે, જે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ (પ્રોહિબિશન એન્ડ રિસ્ટ્રિક્શન્સ ઓન સેલ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૧' માં સુધારો કરવા માગે છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, "ઉત્પાદનની પ્રકૃતિ અને બંધારણ અંગે ગ્રાહકોને ગેરમાર્ગે દોરાતા અટકાવવા માટે પનીર તરીકે એનાલોગ પ્રોડક્ટના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે આ સુધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે." તેણે વધુમાં ઉમેર્યું હતું કે, 'ડેરી કોન્ટેક્સ્ટમાં એનાલોગ' શ્રેણી હેઠળ પહેલાથી જ લાઈસન્સ પ્રાપ્ત અથવા નોંધાયેલ ઉત્પાદનોએ તેમના નામાભિધાન, લેબલિંગ અથવા માર્કેટિંગમાં 'પનીર' શબ્દનો ઉપયોગ બંધ કરવો જોઈએ. ઘણા રાજ્યોએ એનાલોગ પનીરના ઉત્પાદન અને વેચાણ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકી દીધો છે. દરમિયાન, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે FSSAIએ -દૂધ સિવાયની વસ્તુઓમાંથી મેળવેલી પ્રોડક્ટ્સ માટે 'પનીર' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

# મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમાર દેશદ્રોહીઓ છે: રાહુલ

**કોંગ્રેસના** વરિષ્ઠ નેતાએ કહ્યું કે આ ત્રણેયે ભારતના મતાધિકારનો નાશ કર્યો છે જે એક દેશદ્રોહનું કૃત્ય છે

**મુખ્ય** ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પુરાવા આપનાર સાક્ષી બની જવા રાહુલ ગાંધીની હાકલ

### રાહુલે મોદી, શાહ, અદાણી, ડોભાલ વગેરેને સ્ક્રીન પર ષડયંત્રકારીઓ તરીકે દર્શાવ્યા

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષે પડદા પર એક સ્ક્રીન પર મોદી, શાહ, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી, આરએસએસ વડા મોહન ભાગવત, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વડાપ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરી પી. કે. મિશ્રા અને જ્ઞાનેશ કુમારના ફોટા "ષડયંત્રકારીઓ" હેડર હેઠળ દર્શાવ્યા હતા. જ્યારે "મોહરાં" હેડર હેઠળ નાણાં મંત્રી નિર્મલા સીતારામન, ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને પીયૂષ ગોયલ જેવા નેતાઓના ફોટોગ્રાફ્સ દર્શાવવામાં આવ્યા હતા.

નવી દિલ્હી, તા. 24(PTI): સીધો અને આકરો હુમલો કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દેશદ્રોહી છે કારણ કે તેમણે ભારતના મતાધિકારનો નાશ કર્યો છે. આ સાથે જ તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC)ના તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી.

લોકસભામાં વિપક્ષના નેતાએ કુમારને સાક્ષી બની જવાની સલાહ આપી હતી, જ્યારે એ વાતની નોંધ લીધી હતી કે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ એક રીતે એ વાત સ્વીકારીને સારું કામ કર્યું છે કે "વોટ ચોરી" થઈ રહી છે. તમામ ચૂંટણીઓમાં ગરબડો કરવામાં આવે છે અને 2024ની લોકસભા ચૂંટણી તદ્દન બનાવટી હતી તેવો આક્ષેપ કરતા ગાંધીએ ભારપૂર્વક કહ્યું હતું કે મોદી અને શાહે આ દેશ સાથે જે કર્યું છે તે

...અનુસંધાન પાના 15 પર

# કોંગ્રેસના 5 રાજ્યોના કુલ ચૂંટણી ખર્ચથી પણ વધુ રકમ ભાજપે માત્ર બંગાળમાં વાપરી

**છેલ્લી** પાંચ વિધાનસભા ચૂંટણીઓ વખતે ભાજપે કુલ રૂ. ૫૨૯.૩૮ કરોડનો ખર્ચ કર્યો, તેમાંથી અડધા કરતા વધારે ખર્ચ તો બંગાળમાં જ કર્યો

**પાંચેય** રાજ્યો મળીને કોંગ્રેસે કુલ રૂ. ૨૪૮.૫૫ કરોડનો ખર્ચ કર્યો, આમાંથી બંગાળમાં રૂ. ૪૨.૦૮ કરોડનો ખર્ચ કર્યો

**તૃણમૂલ** કોંગ્રેસના ખર્ચના આંકડા હજી જાહેર થયા નથી

નવી દિલ્હી, 24 સપ્ટેમ્બર (PTI): ભારતીય ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલા ખર્ચના અહેવાલો અનુસાર, ભાજપે માત્ર પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં રૂ. 286.99 કરોડનો ખર્ચ કર્યો હતો. આ રકમ કોંગ્રેસ દ્વારા આ વર્ષની શરૂઆતમાં ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં યોજાયેલી ચૂંટણીઓમાં કરાયેલા કુલ રૂ. 248.55 કરોડના ખર્ચ કરતાં પણ વધુ છે.

અન્ય ચાર રાજ્યો-આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરી સહિત કુલ પાંચ ચૂંટણીઓમાં ભાજપે કરેલા કુલ રૂ. 529.38 કરોડના ખર્ચમાંથી અડધાથી વધુ ખર્ચ માત્ર બંગાળમાં થયો હતો. પક્ષે બંગાળમાં સામાન્ય પ્રચાર પાછળ રૂ. 217.16 કરોડ અને ઉમેદવારો પાછળ રૂ. 69.83 કરોડનો ખર્ચ કર્યો હતો. ભાજપે તૃણમૂલ કોંગ્રેસને સત્તા પરથી હટાવીને બંગાળમાં પ્રથમ વખત સરકાર બનાવી છે. જાહેર થયેલા 293 બેઠકોના પરિણામોમાંથી ભાજપે 207 બેઠકો પર જીત મેળવી છે, જ્યારે TMCને 80 બેઠકો મળી છે.

રાજ્યમાં એક સીમિત પ્રભાવ હોવા છતાં સ્વતંત્ર રીતે 293 બેઠકો પર ચૂંટણી લડનાર કોંગ્રેસે બે બેઠકો જીતી છે. કોંગ્રેસે પોતાના કેન્દ્રીય મુખ્યાલય અને રાજ્ય એકમ દ્વારા બંગાળમાં રૂ. 42.08 કરોડના ખર્ચનો અહેવાલ આપ્યો છે. જેમાં સામાન્ય પ્રચાર માટે રૂ. 12.96 કરોડ અને ઉમેદવારો તથા તે સંબંધિત ખર્ચ માટે રૂ. 29.12 કરોડનો સમાવેશ થાય છે.

2011 માં સત્તા ગુમાવતા પહેલા દાયકાઓ સુધી બંગાળ પર શાસન કરનાર સીપીઆઈ(એમ) [CPI(M)] એ 197 બેઠકો પર ચૂંટણી લડી હતી અને એક બેઠક જીતી હતી. તેના રાજ્ય એકમે ઉમેદવારો પરના ખર્ચ સહિત રૂ. 8.23 કરોડનો ખર્ચ નોંધાવ્યો છે. બંગાળમાં ભાજપની મુખ્ય હરીફ એવી તૃણમૂલ કોંગ્રેસના ખર્ચની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

પાંચેય ચૂંટણીઓ મળીને કોંગ્રેસે સામાન્ય પ્રચાર પાછળ રૂ. 143 કરોડ અને ઉમેદવારો પાછળ રૂ. 105.55 કરોડનો ખર્ચ નોંધાવ્યો છે, જેનાથી તેનો કુલ ખર્ચ રૂ. 248.55 કરોડ થયો છે.

સીપીઆઈ(એમ)નો એકત્રિત ખર્ચ રૂ. 39.04 કરોડ રહ્યો હતો. બંગાળ અને કેરળ ઉપરાંત, ભાજપે આસામમાં રૂ. 96.27 કરોડ, તમિલનાડુમાં રૂ. 51.56 કરોડ અને પુડુચેરીમાં રૂ. 11.90 કરોડનો ખર્ચ દર્શાવ્યો છે.

### તા. ૨૪-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૬૬૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૬.૧ સે. | ૨૭.૦ સે. | ૫૯% |